જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૨/૨૦૨૨ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૨૯/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૩/૦૨/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૩૯ | ૦ | ૧૧૭૩૯ | ૧૭૮૪૮ | ૦ | ૧૭૮૪૮ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૨૯ | ૦ | ૧૨૯ | ૪૦૩ | ૦ | ૪૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૧૯૭૨ | ૧૮૦ | ૮૨૧૫૨ | ૮૨૯૯૬ | ૧૭૩ | ૮૩૧૬૯ |
| કુલ | | ૯૮૫૭૩ | ૧૮૦ | ૯૮૭૫૩ | ૧૦૭૫૨૯ | ૧૭૩ | ૧૦૭૭૦૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૯ | ૫,૫૨,૫૫૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૦૬ | ૧૧,૦૬,૦૦૦/- |

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી, ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૦૧ લીટર દેશી દારૂ, ૧૮૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૧ વ્યક્તિને ઝડપી રોકડ રૂપિયા ૭૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ હેઠળ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૨/૨૦૨૨**

**ક્રાઈમ બ્રાન્ચઃ** અસ્મિતાબહેન વા/ઓ જયસુખભાઇ કાછડીયા (ઉ.વ.૪૪) (રહે. ગોકુલેશ રેસીડન્સી રસપાન ચોકડી પાસે ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ) એ તા.03/0૨/૨૦૨૨ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/0૬/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન કારંજ રીલીફ રોડ જી.પી.ઓ.પોસ્ટ ઓફીસ ઇલોરા કોમ્પલેક્ષ પાંચમા માળ ખાતે આરોપી (૧) રીષી અનિલભાઇ કારોલિયા (રહે. રત્ન પ્લાઝા વિભાગ-૨ ગ્રીનસીટી પાસે નિર્ણયનગર) અને (૨)પુજાબહેન આશીતભાઇ શાહ (રહે. શાંતિપુજ્ય હોમ્સ કટારીયા શોરૂમ પાસે સિલ્વર સ્ટાર ચાર રસ્તા ચાંદલોડીયા) એ ભેગા મળી કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ કંપની માર્કેટમાં ટ્રેડીંગ કરતા હોવાની અને ટ્રેડીંગ ઉપર પ્રોફિટ કમાય છે અને રોકાણ કરનાર રોકાણકારને પ્રોફીટમાં મીનીમમ માસિક ૨ થી ૩% ઇન્ટરેસ્ટ મળે છે તેવી સ્કીમ અસ્મિતાબહેન અને અસ્મિતાબહેનના પતિ જયસુખભાઇને સમજાવી અસ્મિતાબહેન અને અસ્મિતાબહેનના પતિ જયસુખભાઇ નાઓ પાસેથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- રોકાણ કરાવી ગેરેંટેડ રીટર્ન આપી વિશ્વાસમાં લઈ સાહેદ પાસેથી પણ આ જ સ્કિમમાં રૂપિયા ૩,૫૦,૦૦૦/- રોકાણ કરાવી અસ્મિતાબહેનને રીટર્ન આપવાનું બંધ કરી તેમજ રોકાણ કરાવેલ સાહેદના નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** અક્ષતા ડો/ઓ શ્યામસુંદર ભાટીયા (ઉ.વ.૨૯) (રહે. સુર્યમંદિર ટાવર સંમભવ પ્રેસ પાસે બોડકદેવ વસ્ત્રાપુર) એ તા.03/0૨/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અક્ષતા ભાટીયાએ ઓએલએક્સ એપ ઉપર વેચાણ સારૂ મુકેલ લેપટોપ ખરીદવા માટે તા.૩૧/૧૨/૨૦૨૧ રાતના ૮/૦૦ થી ૯/૩૦ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૬૯૦૦૭૯૯૪૯૨ ના ધારકે અક્ષતા ભાટીયાને ફોન કરી રવિકુમાર નામ જણાવી લેપટોપ ખરીદી કરવાનુ જણાવી લેપટોપના પૈસા ચુકવવા વોટસએપથી અલગ-અલગ ક્યુઆર કોડ મોકલી અક્ષતા ભાટીયાને સ્કેન કરાવી બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૩૪,૦૦૦/- ઓનલાઈન મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એસ.જી.ખાંભલા ચલાવે છે.

**નવરંગપુરાઃ** ગૌરાંગભાઇ મહેન્દ્રભાઇ પટેલ (ઉ.વ.૩૯) (રહે. સેન્ડલ વુડ એલીગન્સ મધુવન બંગ્લોઝની બાજુમાં સાયન્સ સીટી રોડ સોલા) એ તા.03/0૨/૨0૨૨ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૧૨/૨૦૨૧ સાંજના ૫/30 વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ ખાતે આવેલ તનિષ્ક શો રૂમ ખાતે ગ્રાહક તરીકે આવેલ બિનીત સુરેશકુમાર સોની (રહે. હરેક્રીષ્ણા એપાર્ટમેન્ટ દેના બેંક સામે બોપલ) નામની વ્યક્તિ તથા અન્ય એક પુરૂષે ભેગા મળી શો રૂમમાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૬૧,૪૫૫/- અને સોનાની વીંટી કિમત રૂપિયા ૪૮,૬૬0/- ખરીદી કરી જેની કિમત પેટે રોકડ રૂપિયા ૮૯૨૪/- અને તનીષ્કના માર્કના સોનાના ગોલ્ડ પ્લેટીગ કરેલ બે કોઇન જે મુળ ચાંદીના હોય તે ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એચ.મીસ્ત્રી ચલાવે છે.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૩૩/૨૦૨૨

**કાલુપુરઃ** કેતનભાઇ નૈનમલ જૈન (ઉ.વ.૨૮) (રહે. દેવ અર્ચન સોસાયટી પ્રિતમનગર પાલડી) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/0૨/૨0૨૨ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે ઘી કાંટા ચાર રસ્તા યશ બેંક સામે પાર્ક કરેલ પોતાના એક્ટીવાની ડેકી ખોલી એક પુરૂષ ડેકીમાંથી રોકડ રૂપિયા ૬,00,000/- ચોરી કરી લઇ ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.પરમાર ચલાવે છે.

## લુંટની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૨૩૪/૨૦૨૨

**સાબરમતીઃ** બિપીનભાઇ ચંદુલાલ જાની (ઉ.વ.૬0) (રહે. તુલસી સ્ટેટસ ત્રાગડ સંવાદ સોનેટની બાજુમાં ત્રાગડ સાબરમતી) તેમજ અન્ય બે જોડીદાર લુબી કોર્પોરેટ હાઉસના કંપાઉન્ડમાં સિક્યુરીટી તરીકે ફરજ પર હતા ત્યારે તા.0૨/0૨/૨0૨૨ રાતના ૧/00 થી ૨/30 વાગ્યા દરમ્યાન લુબી કોર્પોરેટ હાઉસના કંપાઉન્ડમાં આવેલ ચાર પુરૂષોએ બિપીનભાઈ જાની તેમજ સાથેના બે જોડીદાર સિક્યુરીટી ગાર્ડના હાથ પગ બાંધી ભોંયરામાં લઈ જઈ સુવડાવી દઈ ગડદાપાટુનો માર મારી ઇજાઓ કરી લુબી કોર્પોરેટ હાઉસના સ્ટોર રૂમનુ તાળુ તોડી સ્ટોરરૂમમાંથી પોલી કેબ કંપનીના કોપર વાયરના અલગ-અલગ થીકનેશના કુલ બોક્ષ નંગ-૯૩ કિમત રૂપિયા ૫,૫૧,૧૭૬/- તેમજ ભોંયરામાં લગાવેલ સી.સી.ટી.વી. કેમેરાનુ એન.વી.આર., સ્વીચ તથા હાર્ડડિસ્ક કિમત રૂપિયા ૩૫,000/- મળી કુલ રૂપિયા ૫,૮૬,૧૭૬/- લુંટ કરી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બિપીનભાઈ જાનીએ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ભેટારીયા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫/૨૦૨૨**

**મેઘાણીનગરઃ** શર્મિષ્ઠાબહેન વિષ્ણુભાઇ પટેલ (રહે. સંતલીલા શાહ સોસાયટી ભાર્ગવ ટેનામેન્ટ સામે ભાર્ગવ રોડ મેઘાણીનગર) એ બિમારીથી કંટાળી તા.૩૦/૦૧/૨૦૨૧ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટી સળગી ગયા હતા. સારવાર માટે તેમને આનંદ સર્જીકલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમયાન તા.૦૩/૦૨/૨૦૨૨ બપોરના ૧/૧૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી પી.સી.પરમાર ચલાવે છે.

**વસ્ત્રાપુરઃ** મીનારા ખાતુન ડૉ/ઓ અલીશેખ (ઉ.વ.૨૦) (રહે. નર્મદા આવાસ ઔડાના મકાનમા સિંધુભવન બોડકદેવ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૨ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પ્રવિણભાઇ ચલાવે છે.

**નરોડાઃ** વર્ષાબહેન વા/ઓ રાજેન્દ્રભાઇ પંચાલ (ઉ.વ.૫૨) (રહે. જ્યોતિ રેસીડેન્સી કુદરત રેસીડેન્સી પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૨ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પાંચમા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર સુકાભાઇ ચલાવે છે.

**બાપુનગરઃ** કૈલાસબહેન યોગેશકુમાર મકવાણા (ઉ.વ.૪૨) (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૨/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી ગોળીઓ ખાઈ લેતા તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મહેન્દ્રસિંહ અર્જુનસિંહ ચલાવે છે.

**નિકોલઃ** ભાવનાબહેન વા/ઓ સુરેશભાઇ ચાવડા (ઉ.વ.૩૪) (રહે. વણકરવાસ વડવાડી ચાલી સિંગરવા નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૨/૨૦૨૨ કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.